### મંજૂરી વગર રસ્તા તોડનાર નારાયણકુંજ અપાર્ટમેન્ટના રહીશો સામે કાર્યવાની માંગ

# અંગત ડ્રેનેજ કનેક્શન માટે નવો ૧૮ મીટરનો રોડ ખોદનાર રહીશો સામે પોલીસ ફરિયાદ દાખલ

**વડોદરા** મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની અગાઉથી મંજૂરી કે પરવાનગી લીધી ન હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
વડોદરા મહાનગરપાલિકા દ્વારા લોકહિતાર્થે અને નાગરિકોની સુવિધા માટે કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવતી જાહેર મિલકતો અને નવા રસ્તાઓને નુકસાન પહોંચાડતા તત્વો સામે પાલિકાના વહીવટી તંત્ર દ્વારા કડક કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જ પાલિકા દ્વારા બાબા માર્બલથી પ્રયોશા હાઈટ્સ તરફ જતો ૧૮.૦ મીટરનો અત્યંત મહત્વનો નવો રોડ તૈયાર કરવામાં આવ્યો હતો, જેને કેટલાક લોકો દ્વારા રાતોરાત નુકસાન પહોંચાડવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. ઘટનાની વિગતો મુજબ, ગત તારીખ ૨૨/૦૭/૨૦૨૬ ના રોજ રાત્રિના સમયગાળા દરમિયાન નારાયણકુંજ અપાર્ટમેન્ટના રહીશો દ્વારા વડોદરા મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની અગાઉથી મંજૂરી કે પરવાનગી લીધા વિના, પોતાના અંગત ડ્રેનેજ કનેક્શન મેળવવા માટે નવા બનેલા રસ્તા પર ગેરકાયદેસર રીતે ખોદકામ કરવામાં આવ્યું હતું.

આ અંગે રાત્રી દરમિયાન પાલિકાના અધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવતા આ ગંભીર બેદરકારી અને જાહેર મિલકતને નુકસાન પહોંચાડવાનું કૃત્ય ધ્યાનમાં આવ્યું હતું. લોકોની સુવિધા માટે બનેલા રસ્તાને આ પ્રકારે ક્ષતિગ્રસ્ત કરવાના ગંભીર કેસમાં વડોદરા મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર સફાળું જાગ્યું છે અને તાત્કાલિક ધોરણે કડક પગલાં ભર્યા છે. નારાયણકુંજ અપાર્ટમેન્ટના રહીશો દ્વારા કરવામાં આવેલા આ ગેરકાયદેસર કૃત્ય બદલ આજરોજ તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પાલિકાના સત્તાવાર સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે ભવિષ્યમાં પણ જાહેર મિલકતને નુકસાન પહોંચાડનાર કે પરવાનગી વગર રસ્તા તોડનાર કોઈપણ વ્યક્તિ સામે કાયદાની જોગવાઈઓ મુજબ સખત દંડાત્મક અને ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે.

# સાવલીમાં ખોડલધામ પરિક્રમા રથનું ભવ્ય સ્વાગત

**દશાવદી** મહોત્સવના નિમંત્રણ સાથે પહોંચેલા રથને ભક્તોએ જયઘોષ વચ્ચે આવકાર્યો



(પ્રતિનિધિ) સાવલી, તા.23
સાવલી તાલુકામાં ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા આયોજિત ખોડલધામ મંદિરના દશાવદી મહોત્સવ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં ફરી રહેલા પરિક્રમા રથ સાવલી પંથકમાં પહોંચતા ભાવિક ભક્તોએ ભારે આસ્થા સાથે સ્વાગત કર્યું હતું

સૌરાષ્ટ્રના કાગવડ સ્થિત આસ્થા ના કેન્દ્ર સમાન ખોડલધામ ખાતે મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે આ મહોત્સવમાં રાજ્યભરના ભક્તોને જોડવા માટે પરિક્રમા રથ ગામેગામ ફરીને કાર્યક્રમની માહિતી અને આમંત્રણ પત્રિકા નું વિતરણ કરી રહ્યા છે તેવામાં સાવલી પંથકમાં પરિક્રમા રથના આગમન થતાં જ ભારે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ દર્શન કરીને માં ખોડલધામના જયઘોષ સાથે રથનું સ્વાગત કર્યું હતું અને જાણે મા ખોડલ પોતાના ભક્તોને સાક્ષાત મહોત્સવમાં આમંત્રિત કરવા પધાર્યા હોય તેઓ અલૌકિક માહોલ જોવા મળ્યો હતો ભજન કીર્તન પૂજા અર્ચના ગરબા અને આરતી નારંગે રંગાયેલા કાર્યક્રમ વચ્ચે પરિક્રમા રથનું ભારે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલુકામાં ભારે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને મોટી સંખ્યામાં ભક્તોએ મા ખોડલના રથનું આસ્થા સાથે સ્વાગત કરીને દર્શન કરી ને રથને આવકાર્યો હતો.

### 'રેડ' સંકટ વચ્ચે ભરૂચમાં જળકહેર..!!

# ભરૂચમાં રેડ એલર્ટ વચ્ચે ધોધમાર વરસાદ, ૯૮૮ શાળાઓ બંધ, પૂર્વભાગમાં 20 ગામો માર્ગથી કટઅપ

કસક, સ્ટેશન રોડ, પાંચબત્તી સહિતના વિસ્તારોમાં પાણી; વાલિયા-નેત્રંગમાં નદીઓ ઓવરફ્લો, શિક્ષણ વિભાગ સતર્ક



(પ્રતિનિધિ) ભરૂચ, તા.23
હવામાન ખાતા દ્વારા ભરૂચ જિલ્લા માટે રેડ એલર્ટ જાહેર કરાતાં મધ્યરાત્રિથી શરૂ થયેલા મુશળધાર વરસાદે જિલ્લામાં જનજીવન પર અસર થઈ છે. પાણી ભરાવાને કારણે ગુરુવારે જિલ્લાની કુલ 988 પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાની ફરજ પડી છે. સૌથી વધુ 4 ઇંચ વરસાદ નોંધાયેલા નેત્રંગ તાલુકામાં તમામ નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. જિલ્લા શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર, આમોદ, જંબુસર અને વાગરા સિવાયના (6 તાલુકામાં) ભરૂચ, અંકલેશ્વર, હાંસોટ, ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકાની 628 પ્રાથમિક શાળાઓ તેમજ 360 ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ અને CBSE માધ્યમિક શાળાઓ બંધ રાખવામાં આવી છે. બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ નિર્ણય લેવાયો છે. અન્ય તાલુકાઓમાં સ્થાનિક પરિસ્થિતિને આધારે શાળા સંચાલકોને નિર્ણય લેવા સૂચના આપી દેવાઈ છે. ભરૂચ શહેરમાં કસક, સ્ટેશન રોડ, સેવાશ્રમ રોડ, પાંચબત્તી અને ચાર રસ્તા સહિતના મુખ્ય વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. માર્ગ બંધ થવાને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જિલ્લામાં રસ્તાઓ બંધ થતાં મોટા પ્રમાણમાં ગામો કટઅપ થઈ ગયા છે. વાલિયા તાલુકામાં બે રોડ બંધ થતાં અંદાજે 20 ગામો અલગ-થઈ ગયાં છે.

### જાન-માલનુ રક્ષણ કરવા માટે લોકોએ સાવચેતીના ભાગરૂપે ખરીદી કરી

# સંખેડા પંથકમાં ચોમાસાની આગમન સાથે જ તાડપત્રી ખરીદવા બજારોમાં ભારે ધસારો

(પ્રતિનિધિ) સંખેડા, તા.23
ચોમાસાની શરૂઆત સાથે જ સંખેડા નગર સહિત સમગ્ર પંથકમાં ગરીબ અને નાના વેપારીઓ દ્વારા ઘર અને દુકાનને વરસાદથી બચાવવા માટે તાડપત્રી-પ્લાસ્ટિકની ખરીદીમાં વધારો જોવા મળ્યો છે. હવામાન વિભાગ દ્વારા બંગાળની ખાડીમાં સર્જાતી સિસ્ટમ અને ભારે વરસાદની આગાહીને પગલે લોકોમાં અગમચેતી જોવા મળી રહી છે. ચોમાસાએ વારંવાર હાજરી આપતા લોકો આગોતરા પગલાં લઈ રહ્યા છે. સંખેડાના મુખ્ય બજાર, બીડ હોમ્સ અને આસપાસના વિસ્તારોમાં પ્લાસ્ટિકની દુકાનો પર ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી. ઠેર ઠેર પ્લાસ્ટિક વેચનારા ફેરિયાઓની



દુકાનો પર પણ ભીડ જામી હતી. નાના વેપારીઓપોતાની કેબિન, લારી અને દુકાનને વરસાદથી બચાવવા જાડી તાડપત્રી ખરીદી રહ્યા છે. કાચા મકાન અને ઝૂંપડાની છતને વરસાદી પાણીથી બચાવવા સસ્તી પ્લાસ્ટિક શીટ લઈ રહ્યા છે. શેરી-મહોલ્લામાં સામાન વેચતા લોકો પોતાના માલને ભીંજાતો બચાવવા પ્લાસ્ટિક ખરીદી રહ્યા છે. શહેરમાં પાકા મકાન ધરાવતા લોકો છત પર આધુનિક વોટરપ્રૂફિંગ કરાવી લેતા હોય છે. પરંતુ ગરીબ વર્ગ માટે તાડપત્રી જ એકમાત્ર અને સસ્તો ઉપાય છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર ચોમાસાના 3-4 મહિના જ પ્લાસ્ટિકની સૌથી વધુ માંગ રહે છે. આ દિવસોમાં જ આખા વર્ષનો સ્ટોક ખપી જાય છે. તેથી ગ્રાહકોને પસંદગી માટે વિશાળ વેરાયટી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.


## શ્રી દશાબાજ વણિક સમાજ,વડોદરા દ્વારા ૨ ઓગષ્ટે સભા યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
શ્રી દશાબાજ વણિક સમાજ,વડોદરા દ્વારા તારીખ 02/08/2026 ના રવિવારના દિવસે સવારે 10-00 કલાકે સમાજની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન શ્રી વાકળ સેવા સમાજ હોલ. પારસી અગિયારી પાસે, સયાજીગંજ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં આગામી વર્ષ માટેની નવી કારોબારીની પસંદગી કરવામાં આવશે. ત્યાર બાદ શૈક્ષણિક વર્ષ 2025 -2026 ના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે તેમજ સમાજના દરેક ઉમર ની વ્યક્તિ માટેના વિવિધ મનોરંજન કાર્યક્રમ તેમજ હરિફાઈ નું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે સમાજના તમામ સભ્યોએ આ અખબારી યાદીને ધ્યાને લઈ સમાજની આ સભામાં ઉપસ્થિત રહી સમાજના લોકોને અભિવાદિત કરવા તેમજ તેમનુ પ્રોત્સાહન વધારવા પણ અપીલ કરાઈ છે.

### ધોલી ઓવરફ્લો, પીંગુટ-બલદેવા પણ ભરાયા : 24 કલાકમાં ત્રણેય ડેમમાં રેકોર્ડ વધારો

# ભરૂચમાં રેડ એલર્ટ વચ્ચે ધોલી ડેમ ઓવરફ્લો, માધુમતી ગાંડીતુર

(પ્રતિનિધિ) ભરૂચ, તા.23
ભરૂચ જિલ્લામાં ગુરુવારે રેડ એલર્ટ જાહેર થતાં મુશળધાર વરસાદે તાબેતાજ કરી દીધો છે. પરિણામે જિલ્લાના ત્રણેય મુખ્ય ડેમોમાં ભારે પાણીનો સંગ્રહ થઇ ગયો છે, જેમાં ધોલી ડેમ 100 ટકા ભરાઈને 0.10 સેન્ટીમીટરથી ઓવરફ્લો થઇ રહ્યો છે. અન્ય બે ડેમ પણ ઓગસ્ટ પૂર્વે ભરાઈ જવાની શક્યતા વ્યક્ત થઇ રહી છે. સાતપુડા તળેટીમાં માત્ર એક દિવસના વરસાદે ત્રણેય ડેમને પાણીતરબતર બનાવી દીધા છે. ધોલી ડેમમાં પાણીની સપાટી 136.10 મીટર સુધી પહોંચી જતાં સંગ્રહ 100.63 ટકા થઇ ગયો છે. ડેમ ઓવરફ્લો થતાં રાજપારડી ખાતે વહેતી માધુમતી નદી ગાંડીતુર બની છે. ધોલી ડેમના નાયબ કાર્યપાલક ઈજનેરે જણાવ્યું કે,



"ડેમમાં પાણીની આવક વધતાં 100 ટકા ભરાઈ જવાથી ઓવરફ્લો શરૂ થયો છે. તેથી માધુમતી નદીના કાંઠા વિસ્તારના ઝઘડિયા તાલુકાના ધોલી, રઝલવાડા, બીલવાડા, કાંટોલ, કપાટ, તેજપુર, હરીપુરા, રાજપારડી, સારસા, વણાકપોર, જરસાડ તેમજ રાજપુરા ગામના લોકોને નદીકિનારે અવરજવર ન કરવા સાવચેત કરવામાં આવ્યા છે." અન્ય ડેમોની વાત કરીએ તો, બલદેવા ડેમમાં સપાટી 139.92 મીટર થતાં સંગ્રહ 70.06 ટકા અને પીંગુટ ડેમમાં 136.80 મીટર સપાટી સાથે 50.66 ટકા સંગ્રહ નોંધાયો છે. જિલ્લા વહીવટી તંત્રે નદીકાંઠાના રહેવાસીઓને સતર્ક રહેવા અને હાલાકીના સૂચનો પાળવા અપીલ કરી છે. માત્ર એક જ દિવસમાં ત્રણ મુખ્ય ડેમોમાં જબરદસ્ત પાણીની આવક થતાં જળાશયો ખાલીખમ થવાનો ખતરો ટળી ગયો છે. કુદરતે આ સિઝનમાં જાણે મહેર કરી છે, જેના કારણે ધોલી ડેમ તો ઓવરફ્લો થઇ ગયો છે, જ્યારે પીંગુટ અને બલદેવા ડેમમાં પણ ધસમસતો વધારો નોંધાયો છે.

## નસવાડીમાં અશ્વિન નદી કિનારે ધોવાણથી લોકોમાં ચિંતા

(પ્રતિનિધિ) નસવાડી, તા.23
નસવાડી નગરમાંથી પસાર થતી અશ્વિન નદીમાં ઉપરવાસમાં થયેલા વરસાદના કારણે નવા નીરની આવક થતાં નદી બે કાંઠે વહેતી થઈ છે નદીમાં પાણીનું સ્તર વધતાં કિનારાની જમીનનું સતત ધોવાણ થઈ રહ્યું છે જેના કારણે નદી કિનારે વસતા લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. અશ્વિન નદીના કિનારે આવેલું પ્રાચીન શિવ મંદિર,ચાંદશાવાલી દરગાહ તથા કબ્રસ્તાન તેમજ આઝાદ ચોક,મદનઝાંપા સહિતના રહેણાંક વિસ્તારોની જમીનનું ધોવાણના થઈ રહ્યું છે છેલ્લા ઘણા વર્ષોથી નદીના કિનારે સરક્ષણ દિવાલ બનાવવાની માંગ ઉઠતી રહી છે છતાં આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી બોડેલી સિંચાઈ વિભાગ દ્વારા બે વખત સ્થળ સર્વે કરવામાં આવ્યો હતો પરંતુ સર્વે બાદ પણ દિવાલ નિર્માણ અંગે કોઈ કામગીરી શરૂ કરવામાં આવી નથી પરિણામે દર વર્ષે ચોમાસામાં નદી કિનારાની જમીન ધોવાઈ રહી છે.

### સુરત, વાપી, નવસારી અને વલસાડમાં પૂર જેવી પરિસ્થિતિને પહોંચી વળવા વડોદરાથી ૨૫ કર્મચારીઓની સજ્જ ટીમ મેદાને

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની તારાજી વચ્ચે વડોદરા ફાયર ઈમરજન્સી સર્વિસીસની ૨ ટીમો બચાવ કામગીરી માટે રવાના

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
ગુજરાત રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા અતિભારે વરસાદની કરવામાં આવેલી આગાહીના પગલે દક્ષિણ ગુજરાતમાં સર્જાયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખી વડોદરા મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે માનવતાવાદી અને મદદનો હાથ લંબાવવામાં આવ્યો છે. રાજ્યના અગ્નિનિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરના નિર્દેશો તથા વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુના વિશેષ આદેશ અનુસાર, વડોદરા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસની બે સજ્જ ટીમોને દક્ષિણ ગુજરાતના પ્રભાવિત વિસ્તારોમાં રવાના કરવામાં આવી



છે. મળતી માહિતી મુજબ, દક્ષિણ ગુજરાતના સુરત, વાપી, નવસારી અને વલસાડ જેવા વિસ્તારોમાં સતત અને અતિભારે વરસાદના કારણે પૂર જેવી વિકટ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે અને નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. આ સ્થિતિને પહોંચી વળવા અને ફસાયેલા નાગરિકોનું સુરક્ષિત સ્થળાંતર કરવા માટે વડોદરાથી વિશેષ બચાવ ટુકડીઓ મોકલવામાં આવી છે.

વડોદરા મહાનગરપાલિકાના અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ વિભાગના કુલ ૨૫ જેટલા કુશળ અધિકારીઓ અને કર્મચારીઓની બે અલગ-અલગ ટીમ તૈયાર કરવામાં આવી છે. આ ટીમો અત્યાધુનિક સાધન-સામગ્રીથી સજ્જ છે. જેમાં ઈમરજન્સી રેસ્ક્યુ વ્હિકલ, એમ્બ્યુલન્સ, રેસ્ક્યુ બોટ તેમજ પૂર રાહત માટે જરૂરી અન્ય આધુનિક ઉપકરણોનો સમાવેશ થાય છે, જે આપત્તિના સમયે ત્વરિત કામગીરી કરી શકે.

### સાવલી તાલુકાના ઘંટિયાળ ગામનો બનાવ

# સ્મશાનના અભાવે મૃતદેહ ને ખુલ્લામાં અગ્નિદાહ આપવા મજબૂર

(પ્રતિનિધિ) સાવલી, તા.23
સાવલીના ઘંટીયાળ ગામે મૃતદેહ ને સ્મશાન ના અભાવે ખુલ્લામાં અગ્નિદાહ આપતા વિડિઓ વાયરલ થતા ભારે ચકચાર મચી જવા પામી છે અને વિકાસ ના દાવા ઓ વચ્ચે સરકાર ની યોજના હજુ સુધી છેવાડા ના સુધી નથી પહોંચી તેનો વરવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે

ઘંટીયાળ ગામમાં મુક્તિધામના અભાવે ગ્રામજનો જાહેર મેદાનમાં અંતિમ સંસ્કાર કરવા મજબૂર હોવાનો વિડિયો વાઈરલ થયો છે ચાલુ વરસાદ વચ્ચે ખુલ્લા મેદાનમાં અંતિમ સંસ્કાર કરતો વીડિયો એ ભારે ચર્ચા જગાવી છે અને સરકાર ના વિકાસ ના દાવા ઓ ને ખોખલા સાબિત કરતા આ કિસ્સા એ ચૂંટાયેલા પ્રતિનિધિ ઓ ને પણ વિચારતા



કરી દે તેવી સ્થિતિ ઊભી થઈ છે વરસાદી સિઝનમાં અંતિમવિધિ માટે યોગ્ય સુવિધાના અભાવે માણસ ને મૃત્યુ પછી પણ અંતિમ વિધિ માટે આવેલ ડાઘું ઓ માટે વિકટ પરિસ્થિતિ નો સામનો કરવા નો વારો આવ્યો છે વાયરલ વીડિયો બાદ વિકાસ ના દાવા ની પોલ ખોલી નાખી છે અને અંતિમધામ જેવી પ્રાથમિક સુવિધા વહેલી તકે ઉપલબ્ધ થાય તેવી માંગ ઉઠી છે અને વિકાસ ના દાવા ઓ સામે અનેક સવાલો ઊભા થયા છે.

### આવા અનુભવો બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે

# અક્ષય પાત્ર ફાઉન્ડેશનનો અનોખો પ્રયાસ વિદ્યાર્થીઓ માટે 'સ્પેશિયલ ડે આઉટ'

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
અક્ષય પાત્ર ફાઉન્ડેશન દ્વારા ઈનોર્બિટ મોલ વડોદરાના સહયોગથી સર સયાજીરાવ ગાયકવાડ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે વિશેષ 'સ્પેશિયલ ડે આઉટ'નું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ વખત શોપિંગ મોલની મુલાકાતે આવેલા વિદ્યાર્થીઓએ દિવસભર વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ યાદગાર ક્ષણો માણી હતી.

વિદ્યાર્થીઓએ ટાઈમઝોનમાં વિવિધ રમતોનો આનંદ માણ્યો, ઈનામો જીત્યા અને ત્યારબાદ મેકડોનાલ્ડ્સમાં સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ ચાખ્યો. એસ્કેલેટરની સવારી, રંગબેરંગી સ્ટોર્સની મુલાકાત અને મિત્રો સાથે વિતાવેલો સમય બાળકો માટે



અનોખો અનુભવ સાબિત થયો.આ આયોજનનો હેતુ માત્ર મનોરંજન પૂરતો સીમિત ન રહી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવાનો અને તેમને નવા વાતાવરણનો અનુભવ કરાવવાનો હતો. અક્ષય પાત્ર ફાઉન્ડેશનના મિડ-ડે મીલ અભિયાનના વ્યાપક વિઝનને અનુરૂપ આ પહેલને ઈનોર્બિટ કેર્સ હેઠળ ઈનોર્બિટ મોલ દ્વારા સહયોગ આપવામાં આવ્યો.દિવસના અંતે વિદ્યાર્થીઓ સ્મિત, ઈનામો અને જીવનભર યાદ રહે તેવી મીઠી યાદો સાથે ઘરે પરત ફર્યા, જે દર્શાવે છે કે આવા અનુભવો બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### મેટલ પથ્થર અને પ્લાસ્ટિકની પાઇપથી હુમલો

# હરણીમાં કોમન પ્લોટની સફાઈ મુદ્દે બે પરિવાર વચ્ચે હિંસક અથડામણ

**બંને** પક્ષના સભ્યો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે ખસેડાયા, પોલીસે મારા મારી કરનાર છ લોકો સામે ગુનો દાખલ કર્યો

**ઉશ્કેરાયેલા** બંને જૂથના શખ્સોએ એકબીજાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.23
વડોદરાના હરણી વિસ્તારમાં આવેલી શીવદર્શન ડુપ્લેક્ષ સોસાયટીમાં કોમન પ્લોટની સફાઈને લઈને બે પાડોશી પરિવાર વચ્ચે થયેલી બોલાચાલી હિંસક મારામારીમા ફેરવાઈ હતી. મેટલ અને પ્લાસ્ટિકની પાઈપ થી હુમલો કરતા બંને પક્ષના સભ્યોને ઈજાઓ પહોંચી હતી. હરણી પોલીસે બંને તરફથી સામસામે નોંધ્વેલીના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, હરણી મોતનાથ તળાવ પાસે આવેલા શીવદર્શન ડુપ્લેક્ષમાં રહેતા વિરેન્દ્રસિંહ વિક્રમસિંહ રાઠોડની ફરિયાદ મુજબ 21 જુલાઈની સવારે શીવદર્શન ડુપ્લેક્ષના કોમન પ્લોટમાં પડોશી મહેશ ઉર્ફે સાગર મકવાણા અને તેની માતા મંજુલાબેન મકવાણાએ બોલાચાલી બાદ ગાળો આપી હુમલો કર્યો હતો. મહેશે હાથમાં રહેલા મેટલ પથ્થરથી વિરેન્દ્રસિંહ, તેમની પત્ની અને માતા પર હુમલો કર્યો હતો.

હુમલામાં વિરેન્દ્રસિંહના માથામાં ગંભીર ઈજા થતાં સાત ટાંકા આવ્યા હતા, જ્યારે તેમની પત્નીને માથામાં પાંચ ટાંકા આવ્યા હતા. માતાને પણ ચહેરા પર સામાન્ય ઈજા પહોંચી હતી. સાથે જ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજી તરફ મંજુલાબેન મકવાણાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે સોસાયટીના કોમન પ્લોટમાં સફાઈ દરમિયાન કૈલાશબેન, વૈશાલીબેન, નિકિતાબેન અને વિરેન્દ્રસિંહ રાઠોડે તેમની સાથે ઝઘડો કરી ધક્કો મારી નીચે પાડી દીધા હતા. ત્યારબાદ તેમનો પુત્ર મહેશ વચ્ચે પડતાં તેની સાથે પણ મારામારી કરવામાં આવી હતી. આરોપીઓમાંથી એક મહિલા ઘરેથી પ્લાસ્ટિકની પાઈપ લાવી મંજુલાબેન અને તેમના પુત્રને માર માર્યો હતો તેમજ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હરણી પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે અલગ-અલગ ગુના નોંધ્યા છે.

### બંને હાથ અને દ્રષ્ટિ ગુમાવ્યા છતાં હિંમત ન હારી

# GPSC પાસ કરી ડેપ્યુટી સેક્શન ઓફિસર બન્યાં સ્નેહા રાઠવા

**સંકલ્પ** ગુરુકુલમમાં તેજસ્વી વિદ્યાર્થીનીનું સન્માન; માતા-પિતાના સંઘર્ષ અને આત્મવિશ્વાસને સફળતાનો શ્રેય



(પ્રતિનિધિ) વડોદરા, તા. 23
વડોદરા શહેરના સંકલ્પ ગુરુકુલમ ખાતે GPSC પરીક્ષામાં સફળતા મેળવી ડેપ્યુટી સેક્શન ઓફિસર તરીકે પસંદગી પામેલી સ્નેહા રાઠવાના સન્માન માટે પ્રેરણાદાયી પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. હાલોલના શિક્ષક પરિવારની પુત્રી સ્નેહાએ અદમ્ય આત્મવિશ્વાસ અને સંઘર્ષના બળે આ સિદ્ધિ મેળવી સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સ્નેહા બીજા ધોરણમાં અભ્યાસ કરતી વખતે ગંભીર વીજ કરંટની દુર્ઘટનાનો ભોગ બન્યાં હતાં. 45 દિવસ સુધી હોસ્પિટલમાં સારવાર દરમિયાન જીવ બચાવવા તેમના બંને હાથ કાપવા પડ્યા હતા અને દ્રષ્ટિ પણ ગુમાવી હતી. તેમ છતાં તેમણે પરિસ્થિતિ સામે ઝૂકવાને બદલે શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીને જીવનનું લક્ષ્ય બનાવ્યું.

વર્ષ 2024માં તેમણે સંકલ્પ ગુરુકુલમમાં સિવિલ સર્વિસિસની તૈયારી શરૂ કરી હતી. નવા વિષયોનો અભ્યાસ, ફેકલ્ટીના માર્ગદર્શન અને સતત મહેનતના બળે તેમણે GPSC પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી. સ્નેહાએ જણાવ્યું કે તૈયારી દરમિયાન સોશિયલ મીડિયાથી સંપૂર્ણ અંતર રાખ્યું અને તમામ નોટિફિકેશન્સ બંધ રાખીને માત્ર અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

સ્નેહાએ પોતાની સફળતાનો શ્રેય માતા-પિતાને આપતાં જણાવ્યું કે અકસ્માત બાદ માતાએ ફરી ચાલતા શીખવ્યા અને પિતાએ શિક્ષણનો આધાર આપ્યો. કાર્યક્રમમાં સંકલ્પ ગુરુકુલમના પ્રમુખ વિજય નાયક સહિતના મહાનુભાવોએ સ્નેહાનું સન્માન કરી તેમની સિદ્ધિને દિવ્યાંગ યુવાનો માટે પ્રેરણાદાયી મિસાલ ગણાવી હતી.


**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા નં. ૦૩ સને ૨૦૨૬-૨૭**

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, લુણાવાડા વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ, કોટેજ હોસ્પિટલની બાજુમાં, લુણાવાડા-૩૮૯૨૩૦ ટેલીફોન નં.૦૨૬૭૨-૨૪૮૪૦૦ ની કચેરી દ્વારા વિજળીકરણના કુલ ૬ કામો કે જેની અંદાજીત રકમ ૦.૪૫ લાખથી ૧ લાખ સુધી છે. તે માટે રજીસ્ટર્ડ થયેલ ઇ-૨ અને ઉપરના વર્ગ તથા કામના નિષ્ણાત પાસેથી સીલબંધ ટેન્ડર રજી.પોસ્ટ એ.ડી./સ્પીડપોસ્ટથી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૩૧/૦૭/૨૦૨૬ સમય ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે, જયારે ભાવો ભરેલા સીલબંધ ટેન્ડર પરત લેવાની તા. ૦૭/૦૮/૨૦૨૬ સમય ૧૬:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આ કામોની વિગતવાર નોટીસ, નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીના રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી.

માહિતી/ગોધરા/૩૩૩/૨૬

**ઓન લાઈન ટેન્ડરીંગ**
**જાહેર નિવિદા નં.૦૯, સને.૨૦૨૬-૨૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા×મ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં,મહીસાગર-લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દ્વારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી રસ્તા / મકાનના કામોના કુલ રૂા.૬૩૪.૨૬ લાખના કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો https://tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડીથી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફ્ટ / એફ.ડી.આર કાર્યપાલક ઈજનેરશ્રી,મહિસાગરને રજુ કરવાના રહેશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની તારીખ. | તા.૨૪/૦૭/૨૦૨૬ થી તા.૧૦/૦૮/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીગ (ઓનલાઈન) | તા.૧૧/૦૮/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક |

માહિતી/ગોધરા/૩૩૪/૨૬